Saturday
24.06.2023
*Volume :7 * Issue No.326

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)




# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
Daily

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

## પ્રધાનમંત્રીનું યુએસ કોંગ્રેસની સંયુકત બેઠકને સંબોધન


કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૨૨ જૂન ૨૦૨૩ના રોજ H.E. શ્રી કેવિન મેકકાર્થી, યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના સ્પીકર; H.E. શ્રી ચાર્લ્સ શુમર, સેનેટ બહુમતી નેતા; H.E. શ્રી મિચ મેકકોનેલ, સેનેટ રિપબ્લિકન નેતા; અને H.E. શ્રી હકીમજેફ્રીઝ, હાઉસ ડેમોક્રેટિક લીડરના આમંત્રણ પર યુએસ કોંગ્રેસની સંયુક્ત બેઠકને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે યુએસએના વાઈસ પ્રેસિડેન્ટ H.E. સુશ્રી કમલા હેરિસ પણ ઉપસ્થિત રહ્યા હતા. કેપિટોલ હિલ પર આગમન સમયે, કોંગ્રેસના નેતાઓ દ્વારા પ્રધાનમંત્રીનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, પ્રધાનમંત્રીએ ગૃહના અધ્યક્ષ કેવિન મેકકાર્થી અને કોંગ્રેસના નેતાઓ સાથે અલગ-અલગ બેઠકો કરી હતી. તેમના સંબોધનમાં, પ્રધાનમંત્રીએ ભારત-અમેરિકા સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે યુએસ કોંગ્રેસમાં લાંબા સમયથી અને મજબૂત દ્વિપક્ષીય સમર્થન માટે તેમની પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ ભારત-યુએસ દ્વિપક્ષીય સંબંધોમાં ઝડપી પ્રગતિ વિશે વાત કરી અને દ્વિપક્ષીય સંબંધોને ઉન્નત બનાવવા માટેના તેમના વિઝનને શેર કર્યા. તેમણે ભારત દ્વારા કરવામાં આવેલી પ્રચંડ પ્રગતિ અને તે વિશ્વ માટે જે



તકો રજૂ કરે છે તેની પણ રૂપરેખા આપી હતી. સ્પીકર મેકકાર્થીએ પ્રધાનમંત્રીના સન્માનમાં એક રિસેપ્શનનું આયોજન કર્યું હતું. યુએસ કોંગ્રેસની સંયુકત બેઠકમાં પ્રધાનમંત્રીનું આ બીજું સંબોધન હતું. આ પહેલા તેમણે સપ્ટેમ્બર ૨૦૧૬માં યુએસએની સત્તાવાર મુલાકાત દરમિયાન યુએસ કોંગ્રેસને સંબોધન કર્યું હતું.

## પ્રધાનમંત્રીની યુએસએના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત



કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી યુએસએની સત્તાવાર મુલાકાતે છે. તેમણે સવારે વ્હાઈટ હાઉસની મુલાકાત લીધી હતી, જ્યાં H. E. શ્રી જોસેફ બિડેન અને પ્રથમ મહિલા ડૉ. જીલ બિડેન દ્વારા તેમનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીના સ્વાગત માટે આ પ્રસંગે હજારો ભારતીય-અમેરિકનો પણ હાજર હતા.પ્રધાનમંત્રીએ, ત્યારપછી, રાષ્ટ્રપતિ બિડેન સાથે મર્યાદિત અને પ્રતિનિધિમંડળ-સ્તરની ફોર્મેટમાં ઉત્પાદક વાતચીત કરી. નેતાઓએ બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલતી મિત્રતા અને વધતા સહકારને ઉજાગર કર્યો, જે વેપાર અને રોકાણ, સંરક્ષણ અને સુરક્ષા, ઊર્જા, આબોહવા પરિવર્તન અને લોકો વચ્ચેના સંબંધો જેવા ક્ષેત્રોમાં ફેલાયેલો છે. બંને નેતાઓએ પરસ્પર વિશ્વાસ અને સમજણ તેમજ બંને દેશો વચ્ચેના સહિયારા મૂલ્યો પર ભાર મૂક્યો હતો, જે સંબંધોને નવા સ્તરે લઈ જવા માટે મજબૂત પાયો પૂરો પાડે છે. તેઓએ ક્રિટિકલ એન્ડ ઈમર્જિંગ ટેક્નોલોજી જેવી પહેલો દ્વારા કરવામાં આવેલી ઝડપી પ્રગતિ અને સ્થિતિસ્થાપક સપ્લાય ચેન બનાવવા માટે વ્યૂહાત્મક ટેકનોલોજી સહયોગને વધારવાની આતુર ઈચ્છાની પ્રશંસા કરી. તેઓએ મહત્વપૂર્ણ ખનિજો અને અવકાશ ક્ષેત્રોમાં ગાઢ બનતા સહકારનું સ્વાગત કર્યું. બંને નેતાઓએ જળવાયુ પરિવર્તનનો સામનો કરવા અને ટકાઉ ભવિષ્ય હાંસલ કરવા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેઓએ સ્વચ્છ અને નવીનીકરણીય ઊર્જાને પ્રોત્સાહન આપવા અને આબોહવા પહેલ પર સહયોગ કરવાની રીતો પર ચર્ચા કરી. બંને નેતાઓએ તેમના લોકો અને વૈશ્વિક સમુદાયના લાભ માટે ભારત અને યુએસએ વચ્ચે બહુપક્ષીય વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. ચર્ચામાં પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓને પણ આવરી લેવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ બિડેન અને પ્રથમ મહિલા દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવા બદલ તેમની પ્રશંસા કરી હતી. તેઓ સપ્ટેમ્બર ૨૦૨૩માં G20 લીડર્સ સમિટ માટે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ બિડેનનું સ્વાગત કરવા આતુર છે.

## ભાજપ ત્રણ દિવસ ડોર ટુ ડોર સંપર્ક કરશે, બુથ સ્તરે કરશે નાગરિકોની મુલાકાત

**૨૫,૨૬,૨૭ જૂને વિસ્તારકો અને કાર્યકર્તાઓ ઘર ઘર સંપર્ક કરી કેન્દ્રની ભાજપા સરકારની ઉપલબ્ધિઓ અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના મજબૂત, નિર્ણાયક, દૂરંદેશી નેતૃત્વ અંગેની વાત પંહોચાડશે.**





કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૯ વર્ષ પૂર્ણ થવા પર તેમજ પ્રદેશ ભાજપની અલ્પકાલીન વિસ્તારક યોજના અંતર્ગત ૨૫,૨૬ અને ૨૭ જૂન ૩ દિવસ વિસ્તારકો અને કાર્યકર્તાઓ પ્રત્યેક બૂથમાં ઘર ઘર સંપર્ક કરી કેન્દ્રની ભાજપા સરકારની ઉપલબ્ધિઓ અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના મજબૂત, નિર્ણાયક, દૂરંદેશી નેતૃત્વ અંગેની વાત પંહોચતી કરશે. ભાજપની સુનિયોજિત સંગઠન વ્યવસ્થા અને કાર્યકર્તાઓની ફોજ એ ભાજપની મોટી તાકાત છે. ભાજપ સંગઠન હમેશાં વિવિધ કાર્યક્રમો થકી જનતા વચ્ચે રહે છે. સારા અને સંકટના બન્ને સમયે ભાજપાનો કાર્યકર્તા જનતાની પડખે ઊભો જણાય છે.

અલ્પકાલીન વિસ્તારક યોજના અંતર્ગત રાજ્યના તમામ વિધાનસભા ક્ષેત્રોમાં એક સાથે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ, સંગઠન મહામંત્રી રત્નાકરજી, મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલાએ વર્ચ્યુઅલ માધ્યમથી ડોર ટુ ડોર સંપર્ક અભિયાનની કાર્યસૂચિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ગાંધીનગર ઉત્તર વિધાનસભાની કાર્યશાળાનું આયોજન સે. ૨૮ ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં પ્રદેશ સંગઠનના મંત્રી અને ગાંધીનગર મહાનગરના પ્રભારી નૌકબેન પ્રજાપતિ ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશ મકવાણા, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, ઉત્તર વિધાનસભાના વિસ્તારક પ્રવીણભાઈ પંડ્યા, મહામંત્રી કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ), સંગઠનના હોદ્દેદારો, ચુંટાયેલા સભ્યો, બુથના વિસ્તારકો, બુથ પ્રમુખ, અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કામધેનુ યુનિવર્સિટી દ્વારા NDDBના ચેરમેન શ્રી મિનેશ શાહને ડૉક્ટર ઑફ સાયન્સની માનદ પદવી એનાયત

કમલમ્ ન્યુઝ,

કામધેનુ યુનિવર્સિટીના કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાષ્ટ્રીય ડેરી ડેવલોપમેન્ટ બોર્ડના ચેરમેન શ્રી મિનેશ શાહને ડૉકટર ઑફ સાયન્સની માનદ પદવી પ્રમાણપત્ર એનાયત કર્યું હતું. ડેરી અને પશુપાલન ક્ષેત્રમાં તેમના નિરંતર યોગદાન બદલ કામધેનુ યુનિવર્સિટીએ તેમને માનદ પદવી આપી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ એન.ડી.ડી.બી.ના ચેરમેન શ્રી મિનેશ શાહ સાથેની



વાતચીતમાં દેશી ગાયની દૂધ ઉત્પાદન ક્ષમતા વધારવા, ઊંચી નસલની બ્રીડ તૈયાર કરવા અને સેક્સ શોર્ટેડ સિમેન ટેકનોલોજીનો વ્યાપ વધારવા અંગે વિસ્તૃત વિચાર-વિમર્શ કર્યો હતો. તેમણે કહ્યું કે, આવા ઉપાયોથી કિસાનો અને પશુપાલકોની સમૃદ્ધિ વધશે. કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. એન. એચ. કેલાવાલા રજીસ્ટ્રાર શ્રી ડૉ. એમ એમ ત્રિવેદી આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

## વિશ્વ સિકલસેલ દિવસની ઉજવણી સાંસદ પ્રભુભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

સુરત જિલ્લાકક્ષાની "વિશ્વ સિકલસેલ દિવસ"ની ઉજવણી માંડવી આઈ.ટી.આઈ. ખાતે સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાની અધ્યક્ષાતામાં કરવામાં આવી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. અનિલ બી. પટેલના માર્ગદર્શન હેઠળ સિકલસેલ અવેરનેસ, મેરેજ કાઉનસેલીંગ, ટેસ્ટીંગની કામગીરી અંગે સૌને માહિતગાર કરાયા હતા. આ અવસરે સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, બાળક જન્મે ત્યારથી સિકલસેલ રોગની તપાસ કરવામાં આવે તે જરૂરી છે. આ રોગની ગંભીરતા, તપાસ, સારવાર તેમજ મેરેજ કાઉન્સિલીંગ વિશે વધુને વધુ લોકોને માહિતગાર થાય તે માટેના સહિયારા પ્રયાસ કરવાનો અનુરોધ કર્યો હતો. અધિક જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. સુજીત પરમાર તથા ઈએમઓ શ્રી ડૉ. કૌશિક મહેતાએ સિકલસેલ રોગના લક્ષણો, મેરેજ



કાઉન્સિલીંગ, તપાસ, સારવાર તેમજ સહાય વિશે સમજણ આપી હતી. પ્રોગ્રામના અંતે તાલુકા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. નરેન્દ્ર ચૌધરી દ્વારા આભાર વિધિ આટોપી હતી. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખશ્રી, નગરપાલિકા પ્રમુખશ્રી, સંગઠન મંત્રીશ્રી, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ, તેમજ મેડિકલ ઓફિસરશ્રી હાજર રહ્યા હતા. તાલુકા સુપરવાઈઝર મેઈલ, ફિમેલ, સિકલસેલ કાઉન્સિલર, એલટી, સીએચઓ, આરબીએસકે ટીમ, તેમજ તાલુકા ટીમના સહિયારા પ્રયાસોથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## સિધ્ધપુર યુનિવર્સિટી ખાતે ઘર ઘર સંપર્ક અભિયાન કાર્યશાળા યોજાઈ



કમલમ્ ન્યુઝ,

કેન્દ્રમાં માન. નરેન્દ્રભાઈ મોદી સરકારના નવ વર્ષ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના અંતર્ગત સિદ્ધપુરની ગોકુલ ગ્લોબલ યુનિર્વસીટી ખાતે ભારતીય જનતા પાર્ટીના ઘર-ઘર સંપર્ક અભિયાન હેઠળ અલ્પકાલીન વિસ્તારક કાર્યક્રમ હેઠળ સિદ્ધપુર વિધાનસભાની કાર્યશાળામાં કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે હાજરી આપી. ડૉ. શ્યામા પ્રસાદ મુખરજીના ફોટોને તેઓની પુણ્યતિથિ નિમિતે પુષ્પાંજલિ અર્પણ કરી. ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખશ્રી સી.આર.પાટીલ તથા સંગઠન મહામંત્રી રત્નાકરજી અને મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલા દ્વારા કાર્યકર્તાઓ સાથે વર્ચ્યુઅલી માર્ગદર્શન મેળવ્યું. આ પ્રસંગે જિલ્લા સંગઠન પ્રભારીશ્રી જગદીશભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ ભાનુમતીબેન મકવાણા, નિલેશભાઈ રાજગોર, તાલુકા ભાજપ પ્રમુખ વિક્રમસિંહ ઠાકોર, મહામંત્રી અને કાર્યકર્મ ઈન્ચાર્જ મનીષભાઈ પ્રજાપતિ, નગરપાલિકા પ્રમુખ કૃપાબેન આચાર્ય, શહેર ભાજપ પ્રમુખ જયેશભાઈ પંડ્યા, પાલિકા ઉપપ્રમુખ નારીભાઈ આસનાની યુવા મોર્ચા પ્રમુખ મીહીરભાઈ, કાર્યશાળાના પ્રભારી જશુભાઈ, દાદુજી, દીલીપભાઈ સહિત પક્ષના તમામ હોદ્દેદારો અને કાર્યકર્તાઓ, વિસ્તારકશ્રીઓ જોડાયા હતા અને રકતદાન કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## મેયર હેમાલીબેન બોઘાવાલાએ ભૂલકાઓને મોં મીઠું કરાવી શાળામાં આવકાર્યા

**સુરતની વી. એન. ગોધાણી ઇંગ્લિશ સ્કૂલમાં ભૂલકાંઓને ઘોડાગાડીમાં સફર કરાવી શાળાપ્રવેશ કરાવ્યો**

કમલમ્ ન્યુઝ,

વી.એન.ગોધાણી ઈંગ્લિશ સ્કૂલમાં જુનિયર કે.જી.ના ભૂલકાઓ માટે ભાવાત્મક વાતાવરણમાં પ્રવેશોત્સવ ઉજવાયો. આ પ્રવેશોત્સવમાં બાળકો તો તૈયાર થઈને આવ્યા હતા પણ સાથે સાથે તેના મમ્મી-પપ્પા પણ ટ્રેડિશનલ ડ્રેસમાં હાજર રહ્યા હતા. મેયર શ્રીમતિ હેમાલીબેન બોઘાવાલા અને ગોવિંદભાઈ ધોળકિયાએ બાળકોનું કંકુ-ચોખા સાથે-સાથે ફૂલોના હાર પહેરાવી, ચોકલેટ આપી ભાવ સાથે સ્વાગત કર્યું. બાળકોના આ દિવસને વધારે યાદગાર બનાવવા ઢોલ-નગારા સાથે ઘોડાગાડીમાં બાળકોને ફેરવવામાં આવ્યા એ સમયે તમામ વાલીઓએ ગરબા લઈને નવા પ્રવેશ પામતા બાળકોને વધાવ્યા હતા. ફુલ ડે સ્કૂલમાં મનોરંજન માટે જમ્પિંગ, કાર્ટૂન કેરેકટર, મહેંદી કોર્નર, પોપકોર્ન, આઈસ્ક્રીમની બાળકોએ મજા માણી હતી. વિવિધ પ્રકારના રમકડાંઓ દ્વારા બાળકોને સ્કૂલમાં પણ નવું વાતાવરણ આપવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. વિશેષ અતિથિ મેયર હેમાલી બોઘાવાલાએ બાળકની માસુમિયત, મુસ્કાન અને નિખાલસતાને જોઈને ફરી બાળક બનવાનું મન થાય છે એમ જણાવી ભૂલકાઓનું ભવિષ્ય ઉજ્જવળ બને એવી શુભેચ્છા પાઠવી હતી. શ્રી ગોવિંદભાઈએ કહ્યું કે, અનોખી ઉજવણી થકી બાળકને સ્કૂલ પોતાની લાગે અને રમતા રમતા આવે એવા ભાવ સાથે ટ્રસ્ટ પરિવાર આ રીતે બાળકની સાથે




બાળક બને છે. ભગવાનભાઈએ પણ બાળકોને વધાવ્યા હતા. આ કાર્યક્રમમાં કતારગામના નગરસેવકશ્રી ઘનશ્યામભાઈ સવાણી અને જયશ્રીબેન વરિયા તેમજ વેડરોડ કતારગામ મેડિકલ એસો.ના ડોકટર મિત્રોએ પણ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

